જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૩ :- suratdeo@gmail.com

Fax no :- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ web :-www.suratdeo.org

જા.નં./જિ.શિ.અ.સુ/મકમ/૨૦૨૩/૭૦૨૨ તા.૦૨/૦૧/૨૦૨૩

પ્રતિ
આચાર્યશ્રી,
સરકારી માધ્યમિક તથા ઉ.મા.શાળા તમામ
બિન સરકારી અનુદાનિત મા.અને ઉ.મા શાળા તમામ
જિ.સુરત

પરિપત્ર

આથી જણાવવામાં આવે છે, કે અત્રેની કચેરીના નિયંત્રણ હેઠળની સરકારી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળા તથા બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓ તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓએ શાળા કક્ષાએ નિભાવવાના રેકર્ડમાં ચોકસાઈ રાખવા નીચે મુજબની સૂચનાઓ ધ્યાને રાખવી.

1) શાળા તરફથી રજૂ થતા પગારબીલ/એરીયર્સ બીલ/મેડીકલ બીલ કે નાણાકીય બીલના રકમના આંકડાઓ આચાર્યશ્રીએ જાતે ચોકસાઈપૂર્વક ચકાસવા.
2) શાળામાં નિભાવવામાં આવતી કર્મચારીઓની સેવાપોથીમાં કર્મચારીઓની જન્મતારીખ,હાજર તારીખ,બદલી,બઢતી તારીખ તથા રજા ઉધારવાની વિગતો છેકછાક વગર લખવી.
3) શાળામાં નિભાવવામાં આવતા અને અત્રેની કચેરીએ રજૂ કરવામાં આવતા ઉક્ત વહીવટી/હિસાબી રેકર્ડમાં લખવામાં સરતચૂકથી કોઈ વિગત કે આંકડાકીય માહિતી ખોટી લખાય જાય તો તેના પર લાલપેનથી લીટી દોરી બાજુમાં સાચી વિગત લખવી અને ટૂંકી સહી કરવી વ્હાઈટનરનો ઉપયોગ કોઈપણ લખાણમાં કરવો નહિ.
4) સેવાપોથીની નોંધો વાદળી/ભૂરી પેનથી જ લખવી લાલપેનથી લખવી નહી.
5) ઉક્ત સૂચનાઓનું ચૂસ્તપણે પાલન થાય તે જોવાની જવાબદારી શાળાના આચાર્યશ્રીની રહેશે.

વહીવટી અધિકારી
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
સુરત જિ.સુરત

Scanned by CamScanner